॥ સનાતન પરમો ધર્મ ॥

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

પ્રચાર પ્રસાર જાગૃત ઉજાગર

સનાતન ધર્મ પત્રિકા

Email : office@sanatandharmpatrika.com I Web : www.sanatandharmpatrika.com

● સં. ૨૦૭૬ ● ભાદરવા વદ-૧૪ ● તા. ૧૬-૦૯-૨૦૨૦ ● બુધવાર SDP NO: 151 MOB. : +91 78018 77774, +91 77189 77774. anksanatandharmpatrika@gmail.com

યુવાસંઘ સરદાર પટેલ રીજીયને કરી પસંદગી સમીતી ની રચના

સંયોજકઃ- જગદીશ લીબાંણી SPR RCS

સરદાર પટેલ રીજીયન ની આગામી ટર્મ માટે નવીન કારોબારી ટીમ ની રચના કરવા અર્થે ડીઝીટલ મીડિયાના માધ્યમથી કારોબારી સભ્યો તેમજ સર્વે હોદેદારશ્રીઓની સર્વસંમતિથી નીચે મુજબના સભ્યશ્રીઓનું પસંદગી સમિતિમાં ગઠન કરવામાં આવેલ છે .

૧. સરદાર પટેલ રીજીયન આઇ.પી.પી - પુરુષોત્તમભાઈ વાલાણી -કપડવંજ
૨. સરદાર પટેલ રીજીયન ચેરમેનશ્રી - ચંદુભાઇ પોકાર - છાણી (વડોદરા)
૩. સરદાર પટેલ રીજીયન, વડોદરા વિભાગ પ્રભારીશ્રી-ભરતભાઇ સાંખલા-મકરપુરા (વડોદરા)
૪. સરદાર પટેલ રીજીયન સલાહકારશ્રી - મોહનભાઈ ધોળુ - પેટલાદ
૫. સરદાર પટેલ રીજીયન સલાહકારશ્રી - શાંતિભાઇ રૂષાત - હરણી સમા (વડોદરા)
૬. સરદાર પટેલ રીજીયન સલાહકારશ્રી - ઇલેશભાઇ સામાણી - મકકરપુરા (વડોદરા)
૭. સરદાર પટેલ રીજીયન સલાહકારશ્રી - ભવનભાઇ ભાદાણી - આણંદ
૮. સરદાર પટેલ રીજીયન સલાહકારશ્રી - હરીભાઇ રંગાણી - કઠલાલ

કોલ્હાપુર ખાતે શ્રી ક. ક. પાટીદાર સમાજ અને શ્રી ક. ક. પાટીદાર સનાતન યુવક મંડળના સંયુક્ત ઉપક્રમે સામાજિક કાર્યક્રમનું કરવામાં આવેલ આયોજન....

ગત તારીખ ૧૪-૦૯-૨૦૨૦ના શ્રી ક. ક. પાટીદાર સમાજ, કોલ્હાપુર અને શ્રી ક. ક. પાટીદાર સનાતન યુવક મંડળ, કોલ્હાપુર સમાજની બન્ને પાંખો દ્વારા સંયુક્ત રીતે સ્થાનિક સમાજવાડી 'પાટીદાર ભવન' ખાતે સામાજિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. આયોજિત કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવો સર્વશ્રી કેન્દ્રિય સમાજના આદરણીય ઉપપ્રમુખ અને કોલ્હાપુર સમાજના માનનીય પ્રમુખશ્રી ગોપાલભાઈ ભાવાણી, માનદ્ મહામંત્રીશ્રી ડાહ્યાભાઈ ગોરાણી, DMG ઝોન સમાજના મંત્રીશ્રી દેવજીભાઈ પોકાર, યુવાસંઘના મંત્રીશ્રી ગિરીશભાઈ ભાવાણી, તેમજ કોલ્હાપુર યુવક મંડળના પ્રમુખશ્રી હરેશભાઈ માકાણી, મહામંત્રીશ્રી ભીખાલાલભાઈ ગોરાણી અને કારોબારી સભ્યો દ્વારા કાર્યક્રમમાં ઉપસ્થિત સમાજના દરેક પરિવારોમાં રોગપ્રતિકારક ઔષધિ (immunity booster) કોરોના મહામારીથી સુરક્ષિત રહેવા અને રોગપ્રતિકારક શક્તિ વધારવા માટે ઔષધિ ૧લિટર (1ltr) માત્રાની સાતસો બોટલનું વિતરણ કરવામાં આવેલ. સ્થાનિક સમાજ અને યુવક મંડળના સક્રિય કાર્યકર્તાઓ દ્વારા સામાજિક કાર્યક્રમને સફળ બનાવવામાં આવેલ.

જન્મ દિવસની ખૂબ ખૂબ શુભેચ્છા

શ્રી અ.ભા. ક. ક. પા.સમાજ ની પ્રચાર પ્રસાર સમિતિ દ્વારા પ્રસ્તુત. "સનાતન ધર્મ પત્રિકા" ૧ મિનિટ ના સમાચાર માં પૂછાતા પ્રશ્ન ના જવાબ અને વિજેતા

તા.૧૪.૦૯.૨૦૨૦ નો પ્રશ્ન નંબર ૧૦૭:

" એ કોણ ભારતના સ્વાંત્ર્ય સેનાની હતા, જેમણે ઈંગ્લેન્ડ માં ઈન્ડિયા હાઉસ ની સ્થાપના કરી, અને તેમના અસ્થિફૂલ માંડવી નાં ક્રાંતિતીર્થ સ્મારક માં મૂકાયા છે...??

જવાબ : શ્યામજી કૃષ્ણ વર્મા

જવાબ આપનાર વિજેતા : વૈશાલી પટેલ - ગાંધીધામ ૭૩૩૮૨૫૭૦૩૧

ગઈકાલ તા.૧૫.૦૯.૨૦૨૦ નો પ્રશ્ન નંબર ૧૦૮:

"નવરાત્રી ઉત્સવ માં આપણે શક્તિ સ્વરૂપ નવ દેવીઓ ની આરાધના કરીએ છીએ, તેમાં પ્રથમ દિવસે દેવી નાં કયા સ્વરૂપ ની આરાધના કરાય છે...??

આજના પ્રશ્ન નંબર ૧૦૯ માટે જુઓ આજની સમાચાર વિડિયો ક્લિપ...

આપનો જવાબ આપના નામ અને ગામ સાથે આજ રાત ૧૨ વાગ્યા સુધીમાં વોટ્સેપ દ્વારા 7718977774 પર મોકલો અને જીતો ઇનામ ...
આપણું મુખપત્ર, આપણો સમાજ, ઘર ઘર પહોંચાડીએ આપણો અવાજ..

અવસાન નોંધ

તારીખઃ ૧૪/૦૯/૨૦

સ્વ. જયંતિભાઈ ખીમજી વાલાણી, ઉમર : ૬૦ વર્ષ, કચ્છ : નાની અરલ, હાલે : સુરત.

તારીખ : ૧૫/૦૯/૨૦

સ્વ. ખેતાભાઈ નાનજી દિવાણી, ઉમર : ૬૫ વર્ષ, કચ્છ : મોટી વિરાણી, હાલે : ઈન્દોર.
સ્વ. હીરાલાલ ડાહ્યા સાંખલા, ઉમર : ૬૨ વર્ષ, કચ્છ : કાદીયા મોટા, હાલે : વિશાખાપટ્ટનમ.
સ્વ. પુરુષોત્તમ મનજી રવાણી, ઉમર : ૬૪ વર્ષ, કચ્છ : ખોંભડી, હાલે : દિલ્હી.

કચ્છ પાટીદાર યુવાસંગઠન નો થયો શંખનાદ

સંયોજક : શૈલેષ પોકાર (નખત્રાણા)

ગત તા ૧૨/૦૯/૨૦ ના સાંજે ૬ વાગ્યે નખત્રાણા પાટીદાર વિદ્યાર્થીભવન મધ્યે નખત્રાણા વિસ્તાર તેમજ પશ્ચિમ કચ્છ ના ૬૩ જેટલા ગામો ના પાટીદાર યુવક મંડળ માંથી ૨૦૦ જેટલા યુવાનો યુવાસંઘ કચ્છ રીજીયન અને નખત્રાણા પાટીદાર યુવકમંડળ ના યજમાનપદે યોજાયેલ આ અગત્ય ની મિટિંગ માં ઉપસ્થિત થયા હતા.

આ મિટિંગ નો મુખ્ય ઉદ્દેશ્ય પશ્ચિમ કચ્છમાં આપણી સમાજના જ્ઞાતિજનો ને લુખ્ખા તત્વો થી થઈ રહેલ કનડગત સામે રક્ષણ મેળવવા હેતુ એક સંગઠન ની રચના કરવા અંગે ની ચર્ચા વિચારણા માટે હતો.

રીજીયન ચેરમેન છગનભાઇ ધનાણી ના અધ્યક્ષપદે યોજાયેલ આ મિટિંગ માં નખત્રાણા પાટીદાર યુવકમંડળ ના પ્રમુખ ભરત કેસરાણી, રીજીયન સલાહકાર શૈલેષ પોકાર અને ચેરમેન છગનલાલ ધનાણી એ આ મિટિંગ ની વિશેષતા બાબતે છણાવટ કરતાં જણાવેલ કે હવે નો સમય આપણી સમાજ માટે પડકારરૂપ આવી રહ્યો છે. આજે આપણો સમાજ ખેતી તેમજ અન્ય ક્ષેત્રે અગ્રેસર છે, અને તાલુકા ની ૭૦% થી વધુ જમીન કે અન્ય મિલકત આપણી સમાજ ના જ્ઞાતિજનો ની છે, અને મોટા તેમજ નાના ગામો માં કોઈ નાનામોટા બનાવો દ્વારા આપણી જ્ઞાતિના ભાઈઓ ને હેરાનપરેશાન કરવાના બનાવો વધી રહ્યા છે, આપણી જ્ઞાતિ ની દીકરીઓને પરજ્ઞાતિ ના યુવાનો દ્વારા ભગાડી જવાના તેમજ સરકારીતંત્ર ની આડ માં પણ રંજાડ ના તેમજ મારઝૂડ ના કિસ્સાઓ બની રહ્યા છે. તેના માટે એક મજબૂત સંગઠન ની ખાસ તાતી જરૂર છે, અને તેના થકી આપણા જ્ઞાતિના ભાઈઓ ને હૂંફ મળશે અને માનસિક મજબૂતાઈ વધશે.

ખુલ્લામંચ માં ગામેગામ થી આવેલ યુવાનો દ્વારા આ સંગઠન ને લગતા સૂચનો તેમજ પોતાના વિસ્તાર ની સમસ્યાઓ તેમજ તેમને પડતી મુશ્કેલી ઉપર વિચારો રજુ કર્યા હતા. અને આ માટે "યુવાક્રાંતિદળ" જેવા સંગઠન જરૂરી છે અને તેના માટે તન મન અને ધન થી પૂરતા સહકાર ની ખાત્રી આપેલ હતી. ગહન ચર્ચા ને અંતે ચેરમેન છગનભાઇ દ્વારા દરેક ગામો માંથી બે બે સક્ષમ યુવા પ્રતિનિધિ આ સંગઠન માં જોડાસે, અને આ સંગઠન પાછળ સમાજ ની પરોક્ષ શક્તિ રહે, પણ સમાજ થી અલાયદૂ રહે, કારણ કે તેની કાર્યશૈલી અલગ હોઈ શકે, અને બાદ માં સંગઠન ને કચ્છ જીલ્લા લેવલે વિસ્તાર પ્રમાણે લઈ જવાશે જેથી હાલ માં ગોવા માં બનેલ ઘટના જેવું ક્યાય પુનરાવર્તન ન થાય. અંતે આ સંગઠન ની રચના માટે આગામી ઓક્ટોબર માસમાં એક મિટિંગ નુ આયોજન ગોઠવાશે તેવુ જણાવેલ.

આ મિટિંગ ના આયોજન ની જવાબદારી રીજીયન ના નારાયણ ડીવીજન ચેરમેન નરસિંહભાઈ પોકાર, મંત્રી ઝવેર કેસરાણી તેમજ મંડળ ના હોદેદારો એ નિભાવેલ હતી. મિટિંગ નુ સંચાલન રીજીયન વાઇસ ચેરમેન શાંતિલાલ નાકરાણી, નખત્રાણા યુવકમંડળ ના મંત્રી મિતેષ સાંખલા અને નીતિન ભાદાણી એ કરેલ હતું. અને અંતે આભારવિધિ મંડળ ના ખજાનચી પ્રતાપ સુરાણી એ કરેલ. તેમજ આ સભા નો ભોજન નો ખર્ચ શ્રી નખત્રાણા પાટીદાર યુવકમંડળ તરફથી પૂરો પાડવામાં આવેલ હતો.

મિશન રાજકીય

દક્ષિણ ભારત ઝોન સમાજ ના સક્રિય સભ્ય અને દક્ષિણ ભારત રિજીયન નાં સલાહકાર તેમજ પ્રાંતીય ક્ષેત્રે અનેક સંગઠનો માં ઉચ્ચ હોદ્દા પર રહી સ્થાનિક તેમજ જીલ્લા લેવલે ઉત્તમ કાર્યો કરનાર અને અનેક વખત પોતાના સરાહનીય કાર્યો માટે મુખપત્રો માં પોતાનું નામ દર્જ કરાવનાર શ્રી જીતેન્દ્રભાઈ જાદવાણી - કડલુર કરછમાં નવાવાસ (રવાપર) નાં વતની એ આપણી સમાજ માટે ગૌરવ અપાવે તેવો પદ મેળવ્યો છે. તેમની કડલૂર જીલ્લા ભાજપ નાં પરપ્રાંતીય ભાષા ઉપપ્રમુખ તરીકે વરણી થઈ છે.

ઘણા સમયથી તેઓના કાર્યો ની જીલ્લા લેવલે નોંધ લેવાતી રહી છે, અને ઉચ્ચ અધિકારીઓ અને રાજકારણીઓ સાથે તેમની સારી સાઠગાંઠ છે, જે આપણા સામાજિક સંગઠન માટે જમાં પાસું છે.

ઘણા વર્ષો બાદ અત્યારે તમિલનાડુમાં ભાજપ ધીરે ધીરે ખૂબ સારી રીતે પગ પેસારો કરી રહી છે, તેવામાં આપણા જીતેન્દ્રભાઈ ને રાષ્ટ્ર સેવા માટે ખૂબ સારી તક મળી છે, તે માટે તેઓ અભિનંદન ને પાત્ર છે. જીતેન્દ્ર જાદવાણી - ૯૯૯૪૫૬૬૬૬૧.

શ્રદ્ધા સુમન - "જ્ઞાતિએ ખોયું એક અણમોલ રતન"

સ્વ. ખેતાલાલ નાનજીભાઈ દિવાણી, ઉમર વર્ષ ૬૫, કચ્છમાં ગામ - વિરાણી મોટી.

જેઓ સ્થાનિક ધારરોડ (ઇન્દોર) શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ તેમજ શ્રીહરિ સોસાયટીના વર્તમાન પ્રમુખશ્રી, તથા શ્રી ઉમીયાધામ રાઉ - રંગવાસા નાં માનનિય ટ્રસ્ટીશ્રી અને શ્રી ગુજરાત ટીંબર માર્ટ, શ્રી પેપર, જી. પી. કંપની અને પીજી પેકેજીંગ નાં સર્વેસર્વા એવા આદરણિય વડીલશ્રી જેઓ રતનશીભાઈ, વિશ્રામભાઈ અને ડાહ્યાભાઈ ના ભાઈ અને હિંમતલાલ અને રાજુભાઈ ના પિતાજી હતા.

તેમનું નુ તા.૧૫ /૯/૨૦૨૦ ને મંગળવાર ના રોજ આકસ્મિક નિધન થતાં સમગ્ર જ્ઞાતિજનો માં શોકની લાગણી ફેલાઇ છે. તેઓએ પોતાનું જીવન સ્વ અર્થે નહીં પણ સેવા અર્થે વાપર્યું, તેઓ સામાજિક અને શૈક્ષણિક ક્ષેત્રે એક ભામાશા નું ઉત્તમ ઉદાહરણ બની રહ્યા. એક હાથ દાન કરે તો બીજા હાથ ને ખબર ન પડે એવી ગજબ ભાવના નાં અનેક લોકોએ તેમનામાં દર્શન કર્યા હતા. એકદમ સાદાઈ પૂર્ણ તેમની જીવનશૈલી હતી. માનવતા ની સુગંધ જેમણે સદંતર ફેલાવી એવા કર્મનિષ્ઠ અને ધર્મનિષ્ઠ વ્યક્તિત્વ એ અનેક પરિવારોને ઉજાગર કરી સમર્થ બનાવ્યા નાં દાખલા છે.

આવા મુઠ્ઠી ઉંચેરા વ્યક્તિત્વ નું આમ અચાનક વિદાય લેવું સમગ્ર જ્ઞાતિજનો માટે અત્યંત દુઃખદ છે.

આજે ઇન્દોર સમાજ, વિરાણી મોટી સમાજ, માળવા ઝોન સમાજ અને સમગ્ર ભારતભરના જ્ઞાતિજનો તેમના પરિવાર પર આવી પાડેલ દુઃખ માં ભાગીદાર છે. અને તેમની દિવ્ય આત્મા ને પ્રભુ નિજ ચરણોમાં સ્થાન આપે તેવી અંતર થી પ્રાર્થના...